For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કંબોલા ગામ નજીક રિવર્સ લેતા ચાલકે બાઈકને કચડી નાંખતા ગ્રામજનોમાં ભારે રોષ

# સાવલી-હાલોલ રોડ પર કાળનો કહેર, કન્ટેનરની અડફેટે બાઈક સવાર બેના મોત, બાળક ગંભીર

**ભારદારી** વાહનો સામે કાર્યવાહીની માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર





સાવલીના કંબોલા ગામે તિરુપતિ રીલ્સ કંપનીમાંથી રિવર્સમાં નીકળેલા કન્ટેનરે બાઇકને અડફેટે લેતાં બે વ્યક્તિના મોત અને 11 વર્ષીય બાળક ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત બાદ કન્ટેનર ચાલક ફરાર થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

(પ્રતિનિધિ) સાવલી,તા.25

સાવલી તાલુકાના કંબોલા ગામની સીમમાં આવેલ તિરુપતિ રીલ્સ પ્રા લી નામની કંપનીમાં થી રિવર્સ માં નીકળી રહેલા કન્ટેનરે રોડ પરથી પસાર થતા બાઈક સવારને અડફેટે લેતા બે ઈસમોના ઘટનાસ્થળે કરુણ મૃત્યુ નીપજાવી તેમજ એક ને ઈજાગ્રસ્ત કરી કન્ટેનર ચાલક ફરાર થઈ જતા સાવલી પોલીસે ફરાર કન્ટેનર ચાલક વિરુદ્ધ તપાસ હાથ ધરી છે અકસ્માતના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સાવલી પોલીસ મથકે ફરિયાદી અનિલભાઈ નયનસિંગ ઠાકોર રહે લખનપુર વણઝારી ફળિયુ તા મહેશ્વર જી ખરગોન એમપી હાલ રહે દ્વારકા પુરા તા સાવલી જિ વડોદરા ના એ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું છે કે ગત રોજ સાંજના સમયે તિરુપતિ રીલ્સ નામની કંપનીમાંથી એક કન્ટેનર નંબર GJ 39 TA 5456 નો ચાલક કંપની માંથી કન્ટેનર રિવર્સમાં લઈ રહ્યો હતો ત્યારે કંબોલા સાવલી રોડ પર બાઈક સવાર પસાર થઈ રહ્યા હતા તેવામાં કન્ટેનર ચાલકે બાઈક નંબર MP 10 ZK 6553 ને રિવર્સમાં લઈ રહેલ કન્ટેનર ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને અડફેટે લેતા (૧) પવનસિંગ નયનસિંગ ઠાકોર રહે લખનપુર વણઝારી ફળિયુ તા મહેશ્વર જી ખરગોન એમપી હાલ રહે દ્વારકા પુરા તા સાવલી (૨) જગદીશભાઈ જીવનભાઈ ઠાકોર રહે જટવાઇ તા ખરગોન જી બડવાઇ એમ પી રહે દ્વારકાપુરા તા ને ઘટના સ્થળે કરુણ મૃત્યુ હતું જ્યારે યુવરાજ જગદીશભાઈ માં ઠાકોર ઉંમર 11 રહે જટવાઇ તા ખરગોન જી બળવાઇ એમ પી ઈજાગ્રસ્ત થયા હતા બનાવના પગલે કન્ટેનર ચાલક કન્ટેનર મૂકીને ફરાર થઈ ગયો હતો બનાવના પગલે અકસ્માતના સ્થળે ભારે લોક ટોળા ભેગા થઈ ગયા હતા અને ભારે રોષ ની લાગણી ફેલાઈ હતી ઘટનાની જાણ સાવલી પોલીસને કરતા સાવલી પોલીસે ઘટના સ્થળે પહોંચી ને મૃતકના સબ નો કબજો લઈને પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે અને અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ મોટર વ્હીકલ એક્ટ મુજબ ગુનો નોંધી ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# દશરથ-GSFC વચ્ચે નેશનલ હાઈવે-48 પર વાહનની ટક્કરે મોપેડસવાર યુવાનનું મોત

**ટક્કર** મારી વાહનચાલક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.25

શહેરની હદ નજીક નેશનલ હાઈવે-48 પર દશરથ અને જીએસએફસી વિસ્તાર વચ્ચે પૂરપાટ ઝડપે આવેલા વાહનની ટક્કરે મોપેડસવાર યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.



પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક યુવાન મૂળ ઓડિશાનો વતની હતો અને કરચીયા ગામે ભાડાના મકાનમાં રહી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તે મોપેડ લઈને કામકાજ અર્થે નીકળ્યો હતો, ત્યારે દશરથ અને જીએસએફસી વચ્ચે એક ભારદારી વાહને તેને અડફેટે લીધો હતો. ટક્કરથી યુવાન રસ્તા પર પટકાયો હતો અને ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં છાણી પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખસેડ્યો હતો. અકસ્માત સર્જી ફરાર થયેલા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે વાહન અને ચાલકને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે.

## અકોટા બ્રિજ પર સ્ટંટબાજીનો સ્ટંટ ઊંધો પડ્યો, બાઈકસવાર ધડાકાભેર પટકાયો !

શહેરના અકોટા બ્રિજ પર શનિવારે મોડી રાત્રે કેટલાક યુવાનો દ્વારા બાઇક પર જોખમી સ્ટંટબાજી કરવામાં આવતાં ચકચાર મચી હતી. પૂરપાટ ઝડપે બાઈક ચલાવી હવામાં સ્ટંટ કરતા યુવાનોની હરકતથી બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન એક યુવક બાઈક પર જોખમી સ્ટંટ કરવાનો પ્રયાસ કરતી વખતે સંતુલન ગુમાવી બેઠો હતો અને ધડાકાભેર રોડ પર પટકાયો હતો. અચાનક બનેલી આ ઘટનાને પગલે બ્રિજ પર અફરાતફરી મચી ગઈ હતી. જાહેર માર્ગ પર કરવામાં આવતી આવી જોખમી હરકતથી અન્ય વાહનચાલકોની સુરક્ષા પણ જોખમાઈ હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ સમગ્ર બનાવ પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધો હતો. આ વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જાહેર માર્ગ પર સ્ટંટબાજીનો આ બનાવ ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક લોકોએ રાત્રિના સમયે અકોટા બ્રિજ પર પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે. સાથે જ આવી જોખમી હરકતો કરતા યુવાનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી ઉઠી છે.

## રાજ્યની બાર એસોસિએશનોની ચૂંટણી ૧૮ ડિસેમ્બરે

(પ્રતિનિધિ) વડોદરા તા.25

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે રાજ્યની તમામ બાર એસોસિએશનોમાં આગામી 18 ડિસેમ્બર, 2026ના રોજ એકસાથે ચૂંટણી યોજવાનો નિર્ણય કર્યો છે. શિસ્તબદ્ધ અને પારદર્શક ચૂંટણી માટે સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ કરાયો છે.

નિયમ મુજબ, દરેક એસોસિએશને 20 નવેમ્બર સુધી સહી-સિક્કાવાળી આખરી મતદાર યાદી મોકલવાની અને 21 નવેમ્બર સુધી ચૂંટણી અધિકારીની નિમણૂક કરવાની રહેશે. 'વન બાર, વન વોટ'ના સિદ્ધાંત હેઠળ વકીલ એક જ એસોસિએશનમાં મતદાન કરી શકશે. એકથી વધુ જગ્યાએ મતદાન કરનાર સામે ત્રણ વર્ષ માટે બરતરફી સહિતની કાર્યવાહી થઈ શકે છે. ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન પાસ ન કરનારા તથા માત્ર પ્રોવિઝનલ એનરોલમેન્ટ ધરાવતા વકીલો મતદાન કરી શકશે નહીં. મહિલા અનામતના નિયમોનું પાલન પણ ફરજિયાત રહેશે મતદાર યાદી 23 નવેમ્બરે પ્રસિદ્ધ થશે.

### ૭.૭૭ લાખ રૂપિયા ન ચૂકવી ખોટા વાયદા આપ્યા

# સરગવાની નિકાસમાં ૧૫ લાખની ઠગાઈ વડોદરાના વેપારીને કોલકાતાના વેપારીઓએ છેતર્યો

**વારંવાર** ફોન કરવા છતાં રકમ ન મળતા આખરે પોલીસ ફરિયાદ, જવાહરનગર પોલીસે તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરામાંથી બહારના રાજ્યોમાં શાકભાજી અને સરગવાની નિકાસ કરતા વેપારીઓ સાથે છેતરપિંડીના કિસ્સા વધી રહ્યા છે, ત્યારે આવો જ એક મોટો કિસ્સો જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. વડોદરાના જાણીતા સરગવા વેપારીને કોલકાતાના બે વેપારીઓએ વિશ્વાસમાં લઈ રૂ. 7.77 લાખથી વધુની રકમ ન ચૂકવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ચોયલી ગામ, આશાપુરા મંદિર પાસે રહેતા અને સરગવાનો હોલસેલ વેપાર કરતા મફતભાઈ સનાભાઈ ચૌહાણ છેલ્લા ઘણા વર્ષોથી વડોદરા સહિત અન્ય રાજ્યોમાં સરગવાનો સપ્લાય કરે છે. ગત તા. 24 ડિસેમ્બર 2024 થી તા. 9 માર્ચ 2026 ના સમયગાળા દરમિયાન તેમના કોલકાતા ખાતેના જૂના વેપારી સંપર્કો એવા કાર્તિક ચંદ્રદાસ અને લલ્લનસિંહ રહે. દુકાન નં-19, ટડેલ બાગાન, શબ્જીમંડી, હાવડા, કોલકાતા, પશ્ચિમ બંગાળ એ વડોદરાથી મોટા પ્રમાણમાં સરગવા માલ મંગાવ્યો હતો.

ફરિયાદ મુજબ, આ સમયગાળા દરમિયાન કુલ રૂ. 15,94,594 ની કિંમતનો સરગવા માલ કોલકાતા મોકલવામાં આવ્યો હતો. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ બેન્ક મારફતે એટીએમ દ્વારા કેશ ડિપોઝિટ કરી રૂ. 8,17,000 ની આંશિક ચુકવણી કરી હતી. પરંતુ ત્યારબાદ બાકી રહેતી રૂ. 7,77,594 ની મોટી રકમ ચૂકવવામાં ઈરાદાપૂર્વક આનાકાની શરૂ કરી હતી. મફતભાઈએ અનેક વખત ફોન દ્વારા બાકી રકમની ઉઘરાણી કરતા બંને આરોપીઓએ આજે મોકલું છું, કાલે મોકલું છું જેવા ખોટા વાયદાઓ આપી સમય પસાર કર્યો હતો અને વિશ્વાસઘાત કર્યો હોવાનો ફરિયાદમાં સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવ્યો છે. આખરે પૈસા ન મળતા અને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા વેપારીએ કાયદાનો સહારો લીધો હતો. આ અંગે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. સદર ગુનાની તપાસ પો.સ.ઈ. એમ.એસ. પઠાણને સોંપવામાં આવી છે અને પોલીસે કોલકાતા ખાતેના બંને વેપારીઓનો સંપર્ક કરી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### વોટ્સએપ પર વાહનના ચલણનું સ્ટેટસ ચેક કરવાની લાલચ આપી લિંક મોકલી

# એમ પરિવહનની નકલી લિંક પર ક્લિક કરતાં જ આસિસ્ટન્ટ મેનેજરને રૂ.૭.૫૪ લાખનો ચૂનો

**ફોન** પર OTP આવવા લાગ્યા બાદ શંકા જાગી, બેંક ખાતું તપાસતાં ઠગાઈનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

વડોદરા શહેરમાં સાયબર ઠગોએ હવે વાહનના ચલણનું સ્ટેટસ ચેક કરવાના બહાને નાગરિકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતી અને એલેમ્બિક ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતી મહિલા કર્મચારીને વોટ્સએપ પર એમપરિવહનની શંકાસ્પદ લિંક મોકલી રૂ.7,54,002ની સાયબર ઠગાઈ આચરવામાં આવી છે. લિંક ઓપન કર્યાના થોડા સમય બાદ મહિલાના મોબાઈલ પર અલગ-અલગ નંબર પરથી ઓટીપી આવવા લાગ્યા હતા. આથી શંકા જતાં તેમણે ફોનની તપાસ કરાવી ફોર્મેટ પણ કરાવ્યો હતો, પરંતુ બેંક ખાતું તપાસતાં સેલરી એકાઉન્ટમાંથી લાખો રૂપિયા ઉપડી ગયાનું સામે આવ્યું હતું. આ મામલે મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતી અને એલેમ્બિક ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતી મહિલા કર્મચારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, મહિલા સમતા પોલીસ ચોકી સામે આવેલા સરદાર પટેલ હાઈટ્સમાં રહે છે. તેમના પિતાના મોબાઈલ નંબર પરથી મહિલાના વોટ્સએપ પર વાહનના ચલણનું સ્ટેટસ ચેક કરવા માટેની લિંક મોકલવામાં આવી હતી. લિંક પિતાના નંબર પરથી આવી હોવાથી મહિલાએ તેના પર વિશ્વાસ રાખીને તેને ઓપન કરી હતી. જોકે, આ લિંક શંકાસ્પદ હોવાની જાણ તેમને નહોતી.

લિંક ઓપન કર્યા બાદ આશરે એક કલાકમાં જ મહિલાના મોબાઈલ પર અલગ-અલગ નંબર પરથી ઓટીપી આવવા લાગ્યા હતા. આથી ગભરાયેલી મહિલા તાત્કાલિક લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન પહોંચી હતી. ત્યાં ફોનની તપાસ દરમિયાન શંકાસ્પદ લિંક મળી આવતાં સુરક્ષાના ભાગરૂપે તેમણે મોબાઈલ ફોર્મેટ કરી નાખ્યો હતો અને પિતાના ફોનમાં આવેલી ચેટ પણ ડિલીટ કરી દીધી હતી.

ત્યારબાદ મહિલાએ પોતાનું બેંક એકાઉન્ટ તપાસતાં સેલરી એકાઉન્ટમાંથી ઓનલાઈન ઈલેક્ટ્રોનિક માધ્યમનો દુરુપયોગ કરીને રૂ.7,54,002 ઉપાડી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. અજાણ્યા શખ્સોએ એકબીજાની મદદગારીથી કાવતરું રચી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાના આક્ષેપ સાથે મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## રણોલીની ગટરમાં આગ, ચાર દિવસની દુર્ગંધથી રહીશો પરેશાન



(પ્રતિનિધિ) વડોદરા તા.25

રણોલીની સત્યનારાયણ સોસાયટીમાં છેલ્લા ચાર દિવસથી ફેલાતી અસહ્ય દુર્ગંધ વચ્ચે ગટરમાં આગ લાગવાની ઘટના બનતાં રહીશોમાં ભય ફેલાયો હતો. ગટરમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડો નીકળતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, દુર્ગંધને કારણે શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડતી હતી. આ અંગે રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ ન આવ્યાનો આક્ષેપ કરાયો છે. ગટરમાં આગ લાગવાની ઘટનાને પગલે તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

### ઓપરેશન ક્રેક ડાઉન હેઠળ ૧ કિલો ૫૧૨ ગ્રામ ચરસ સાથે મહિલા ઝડપાઈ

# યાકુતપુરામાં ઘરની તિજોરીમાંથી રૂ.૩.૭૮ લાખનું ચરસ ઝડપાયું

**રૂ.૨.૨૧** લાખ રોકડા અને મોબાઇલ સહિત રૂ.૬.૦૪ લાખનો મુદ્દામાલ કબજે, ચરસનો જથ્થો આપનાર લાલી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અને હેરાફેરી સામે એસઓજીના 'ઓપરેશન ક્રેક ડાઉન' દરમિયાન યાકુતપુરામાંથી 1 કિલો 512 ગ્રામ ચરસનો જથ્થો મળી આવ્યો છે. મીનારા મસ્જિદની ચાલી ખાતેના મકાનની તિજોરીમાંથી રૂ.3.78 લાખનું ચરસ મળી આવતાં પોલીસે નૌરીનબાનુ નામની મહિલાને પકડી છે, જ્યારે જથ્થો આપનાર નાહીદાબાનુ ઉર્ફે લાલી ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરી છે. આ કાર્યવાહીથી નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ એસઓજીના પીઆઈ ડી.જે. ચુડાસમાની ટીમ નશીલા પદાર્થોના વેપાર સાથે સંકળાયેલા શખસો પર નજર રાખી રહી હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે સરસિયા તળાવ રોડ પર અડાણીયા પુલ નજીક મકાન નંબર 282માં દરોડો પાડ્યો હતો.

મકાનમાં હાજર નૌરીનબાનુની હાજરીમાં તપાસ કરતાં પ્રથમ માળના બેઠકરૂમમાં આવેલી લોખંડની તિજોરીમાંથી સફેદ થેલીમાં ભૂરા રંગની સેલોટેપથી વીંટાળેલાં ત્રણ પેકેટ મળી આવ્યાં હતાં. સ્થળ પર બોલાવાયેલા એફએસએલ અધિકારીએ પ્રાથમિક પરીક્ષણ કરતાં પેકેટમાં ચરસ હોવાનું જણાયું હતું. તેનું વજન 1 કિલો 512 ગ્રામ અને કિંમત રૂ.3.78 લાખ આંકવામાં આવી હતી.

પોલીસની પૂછપરછમાં નૌરીનબાનુએ જણાવ્યું હતું કે તેની બહેનપણી લાલીએ 23 ઓક્ટોબરની રાત્રે ફોન કરીને ચરસનો જથ્થો તેના ઘરે મૂક્યો હતો. પોલીસે ચરસ ઉપરાંત રૂ.2.21 લાખ રોકડા અને રૂ.5 હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.6.04 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ચરસ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોને પહોંચાડવાનું હતું તેની તપાસ હાથ ધરાઈ છે. ફરાર લાલીને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે.

# લાઈફ ઈન્સ્યોરન્સ અને દુબઈના સોનાની લાલચ આપી મહિલા સાથે છેતરપિંડી

**ટુકડે** ટુકડે ૫.૫૦ લાખથી વધુ રોકડ અને ૩૧૦ ગ્રામ જૂનું સોનું પડાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં રહેતા એક મહિલાને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસી અને દુબઈનું સોનું અપાવવાના બહાને રોકડ અને સોનું પડાવી લેવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અર્બુદાનગર સોસાયટી, આત્મજ્યોતિ આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, સુભાનપુરા ખાતે રહેતા બીનાબેન બળદેવભાઈ કોઠીયાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી પ્રિતેશ ઉર્ફે સોનુ મહેશભાઈ પંચાલ અને સોનાલી મહેશભાઈ પંચાલ રહે. બી-14, વૃન્દધામ સોસાયટી, કમલા નગર, સામે આજવા રોડ એ પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ તા. 3 સપ્ટેમ્બર ના રોજથી અત્યાર સુધી ફરિયાદીનો વિશ્વાસ અને ભરોસો કેળવી લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસી કરાવવાના બહાને ટુકડે ટુકડે ઓનલાઈન કુલ રૂ. 5,65,000ની રકમ પડાવી લીધી હતી. એટલું જ નહીં, પ્રિતેશ પંચાલે ફરિયાદી પાસેથી 310 ગ્રામ જેટલું જૂનું સોનું લઈ તેના બદલામાં દુબઈનું સોનું આપવાનું વચન આપ્યું હતું. જોકે, લાંબા સમય સુધી ન તો દુબઈનું સોનું આપવામાં આવ્યું કે ન તો જૂનું સોનું પરત કરવામાં આવ્યું. ફરિયાદીએ સોનું પરત માંગતા આરોપીઓએ પરત આપવાનો ઈનકાર કરી આર્થિક નુકશાન પહોંચાડી વિશ્વાસઘાત કર્યો હતો. આખરે કંટાળીને બીનાબેને ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તા. 24 ના રોજ ગુનો દાખલ કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. એલ.એન. સાંસલાએ હાથ ધરી છે અને આગળની કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે.

# અકોટા-દાંડિયા બજાર બ્રિજ પાસે લાઈનમાં ભંગાણ, હજારો લિટર પાણીનો વેડફાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

શહેરના અકોટા-દાંડિયા બજાર બ્રિજ નજીક મુખ્ય પાણીની પાઈપલાઈનમાં મોટું ભંગાણ સર્જાતાં પીવાનું પાણી રસ્તા પર વહી ગયું હતું. પાણીના ઊંચા ફુવારા ઊડતાં આસપાસના વિસ્તારમાં પાણી ભરાયું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બે કલાકથી વધુ સમય સુધી પાણીનો વેડફાટ થતો રહ્યો હતો.



ઘટનાને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકઠાં થયાં હતાં. પાણીનો બગાડ થતો હોવા છતાં સમારકામની કામગીરી સમયસર શરૂ ન થઈ હોવાનો આક્ષેપ સ્થાનિક રહીશોએ કર્યો હતો. તંત્રની ધીમી કામગીરીને લઈને લોકોમાં નારાજગી જોવા મળી હતી. શહેરના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની અછત અને ઓછા પ્રેશરની સમસ્યા હોવા છતાં મુખ્ય લાઈનમાંથી પાણી વેડફાતાં મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે.

## કારેલીબાગમાં પાણીની લાઇન તૂટી, હજારો લીટર પાણી વેડફાયું



કારેલીબાગમાં આર્યકન્યા વિદ્યાલય પાછળ આવેલી મહેશ સોસાયટી નજીક શનિવારે પીવાના પાણીની પાઇપલાઇનમાં ભંગાણ સર્જાતાં હજારો લીટર પાણી રસ્તા પર વહી ગયું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ, દોઢથી બે કલાક સુધી પાણીનો પ્રવાહ ચાલુ રહેતાં ભારે બગાડ થયો હતો. લાઇન તૂટવાને કારણે મહેશ સોસાયટી અને આસપાસના વિસ્તારોમાં પાણી ઓછા પ્રેશરથી આવતાં રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીનો બગાડ અટકાવવા અને પુરવઠો નિયમિત કરવા સ્થાનિકોમાંથી માગ ઊઠી છે.

### વડોદરામાં ફરી ઇ-ટોઇલેટના મુદ્દે વિવાદ

# અગાઉનાં ઈ-ટોઈલેટ બિનઉપયોગી હોવાના આક્ષેપ વચ્ચે નવા પ્રોજેક્ટ સામે સવાલો

**કરોડો** ખર્ચ્યા પછી પણ ઈ-ટોઈલેટ તદ્દન નિષ્ફળ સાબિત થતાં શહેરી વર્તુળોમાં ભારે રોષ અને ગંભીર આક્ષેપો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકામાં ફરીથી ઈ-ટોઈલેટ બનાવવાના મુદ્દે વિવાદ ઊભો થયો છે. શહેરમાં અગાઉ સ્થાપિત કરાયેલા અનેક ઈ-ટોઈલેટ ઉપયોગમાં લેવાતાં ન હોવાના આક્ષેપો વચ્ચે નવા ઈ-ટોઈલેટ પાછળ ખર્ચ કરવાથી નાગરિકોને કેટલો લાભ થશે તે અંગે સવાલો ઊઠ્યા છે.

ભૂતકાળમાં ઈ-ટોઈલેટના કોન્ટ્રાક્ટ અને ખર્ચને લઈને ગેરરીતિઓ થઈ હોવાની ચર્ચાઓ રહી છે. જોકે,




આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ જરૂરી છે. અગાઉના ઈ-ટોઈલેટનો ઉપયોગ ન થતો હોવા છતાં નવા પ્રોજેક્ટની જરૂરિયાત નક્કી કરતાં પહેલાં જૂની વ્યવસ્થાની સમીક્ષા કરવાની માગ ઊઠી છે.

શહેરમાં કેટલાક સ્થળે મૂકાયેલા ઈ-ટોઈલેટ સામાન્ય નાગરિકો માટે ઉપયોગી સાબિત ન થયાનો દાવો કરવામાં આવે છે. ટોકન લેવાની પ્રક્રિયા અને ઉપયોગ અંગે પૂરતી જાણકારીના અભાવે લોકો તેનો ઉપયોગ કરતા ન હોવાની પણ ચર્ચા છે. પરિણામે, જાહેર નાણાંના ખર્ચ સામે અપેક્ષિત લાભ મળ્યો કે નહીં તે તપાસવાનો મુદ્દો મહત્ત્વનો બન્યો છે.

વડોદરાના વિકાસ અને વહીવટમાં પારદર્શિતા જળવાય તેવી નાગરિકોની અપેક્ષા વચ્ચે નવી કમિટી સમક્ષ પણ જવાબદારીનો પ્રશ્ન ઊભો થયો છે. નવા ઈ-ટોઈલેટ મંજૂર કરતાં પહેલાં અગાઉના પ્રોજેક્ટનો ખર્ચ, કોન્ટ્રાક્ટની શરતો, ઉપયોગની સ્થિતિ અને જાળવણી અંગે વિગતો જાહેર કરવાની માગ થઈ રહી છે.

નવા પ્રોજેક્ટથી ખરેખર નાગરિકોને સુવિધા મળશે કે નહીં તે સુનિશ્ચિત કરવા મહાનગરપાલિકાએ જરૂરિયાતનો અભ્યાસ, ખર્ચની પારદર્શક સમીક્ષા અને નિયમિત દેખરેખ રાખવી જરૂરી છે. અગાઉના ઈ-ટોઈલેટની સ્થિતિ અંગે તંત્ર શું પગલાં લે છે તેના પર હવે સૌની નજર છે.

# કપુરાઈ પોલીસે ચારેય આરોપીઓને સાથે રાખી હત્યાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

**રૂ.૩૦ લાખ** અને બે મકાનની લાલચનો ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

સોમાતળાવ પાસે સ્વાગત પાર્ટી પ્લોટ બહાર નિલેશ વણઝારાની હત્યાના કેસમાં કપુરાઈ પોલીસે ચારેય આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસ તપાસમાં હત્યા માટે રૂ.30 લાખ અને બે મકાનની લાલચ અપાઈ હોવાની વિગતો સામે આવી છે.

તપાસ મુજબ, મુખ્ય આરોપી પુનમ વણઝારાને વિક્રમે હથિયાર અને નંબર પ્લેટ વગરની બાઈક આપી હતી. બાઈકની નંબર પ્લેટ પણ વિક્રમે જ કાઢી નાખી હોવાનો ખુલાસો થયો છે. નવરાત્રિ દરમિયાન ગરબા જોવા આવેલા નિલેશ પર માસ્ક પહેરીને આવેલા પુનમે ચપ્પુના ત્રણથી ચાર ઘા માર્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા નિલેશને 112 જનરક્ષક વાનમાં



એસએસજી હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

પોલીસે 100થી વધુ સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ પુનમ અમરસિંહ વણઝારા, વિક્રમ ગોરધનભાઈ વણઝારા, વિજયકુમાર ઉર્ફે વિજુ ઉર્ફે બ્રિજેશ વણઝારા અને સતિષ ઉર્ફે ગલ્લોની ભૂમિકા તપાસી હતી. રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીઓ ક્યાં ભેગા થયા, હથિયાર ક્યાંથી મેળવ્યું, કયા માર્ગે આવ્યા અને હત્યા બાદ કેવી રીતે ફરાર થયા તેની તપાસ કરાઈ હતી. હત્યામાં વપરાયેલું ચપ્પુ રિક્ષામાંથી કબજે કરવામાં આવ્યું હતું.

### 30 બાંધકામ સાઇટ સહિત ગુલાબી આવાસોમાં ચેકિંગ

# દીવાળી પહેલાં અટલાદરા પોલીસનું મેગા કોમ્બિંગ, ૧૨૨ પોલીસકર્મીઓ મેદાનમાં ઉતર્યા

**3 પ્રોહિબિશન** કેસ, જાહેરનામા ભંગના ૨ ગુના નોંધાયા, ૬ વાહનો ડિટેઇન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

દીવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવી શકાય તે માટે અટલાદરા પોલીસ દ્વારા સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને અધિક પોલીસ કમિશનર ડો. સુધીર દેસાઈના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં 122 પોલીસ અધિકારી અને કર્મચારીઓ જોડાયા હતા. કોમ્બિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓ, વાહનો, બાંધકામ સાઈટો, હિસ્ટ્રીશીટરો તથા એમસીઆર હેઠળના વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી.

**કોની સામે કાર્યવાહી**

| | |
|---|---|
| નવી બાંધકામ સાઇટોની તપાસ: | 30 |
| શંકાસ્પદ વાહનોની તપાસ: | 76 |
| ડોઝિયર્સ ચેક: | 4 |
| પ્રોહિબિશનના કેસ: | 3 |
| જાહેરનામા ભંગના ગુના: | 2 |
| એમસીઆર ચેક: | 9 |
| માથાભારે વ્યક્તિઓની તપાસ: | 7 |
| BNSS કલમ 126(3) હેઠળ અટકાયતી પગલાં: | 9 |
| મોટર વ્હીકલ એક્ટની કલમ 207 હેઠળ ડિટેઇન વાહનો: | 6 |

અટલાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ પી.યુ.પસ્તાગિયાના નેતૃત્વ હેઠળ કુલ છ ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરાયું હતું. જેમાં અટલાદરા, જે.પી. રોડ, અકોટા-રાવપુરા અને નવાપુરા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ હેડક્વાર્ટરના તાલીમાર્થી લોકરક્ષકો જોડાયા હતા. નાયબ પોલીસ કમિશનર ઝોન-2 મંજીતા વણઝારા અને મદદનીશ પોલીસ કમિશનર ડી-ડિવિઝન એ.વી. કાટકડની દેખરેખ હેઠળ ખિસકોલી સર્કલ નજીક આવેલા ગુલાબી આવાસોમાં રહેતા લોકો, ગેરકાયદે રહેતા ભાડૂઆતો અને શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી.

આ ઉપરાંત નવી બની રહેલી 30 કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લઈ બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો અને મજૂરોના જરૂરી ઓળખપત્રો તથા આધાર પુરાવા ચકાસવામાં આવ્યા હતા.